તારીખ ૧-૭-૨૦૧૨ થી મોંઘવારી
ભથ્થાના દરમાં સુધારણા.

ગુજરાત સરકાર,
નાણાં વિભાગ,
ક્રમાંકઃ વલભ-૧૦૨૦૧૨-જીઓઆઇ-૦૪-ચ
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ ૦૧ / ૧૦ /૨૦૧૨

વંચાણે લીધોઃ- (૧) નાણાં વિભાગનો તા.૨૭-૦૨-૨૦૦૯ નો સરકારી ઠરાવ નં.પગર-૧૦૦૯/૬/પે સેલ (મ)
(૨) ભારત સરકારનો તા.૨૮/૦૯/૨૦૧૨ નો ઓફિસ મેમોરેન્ડમ ક્ર.૧ (૮)/૨૦૧૨-ઇ-II (બી)

## ઠ રા વ

નાણા વિભાગના તા.૧૧/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્ર.વલભ-૧૦૨૦૧૧/જીઓઆઇ/૦૨/ચ થી કર્મચારીઓને ૬૫ % મુજબ મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક દરમાં તા.૦૧/૦૭/૨૦૧૨ થી ૭% વધારો કરીને નીચે પ્રમાણે ચુકવવાનુ નક્કી કરેલ છે.

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર. |
|---|---|
| તારીખઃ ૦૧-૦૭-૨૦૧૨ થી | મૂળ પગારના ૭૨ % |

૨. આ હુકમો હેઠળ મોંઘવારી ભથ્થું વિનિયમિત કરતી વખતે નાણાં વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૯ ના સરકારી ઠરાવ નં.પીજીઆર-૧૦૦૯/૬/પે સેલ (મ) ના ફકરા નં.૩ અને ૪ માં આપેલી જોગવાઇઓ અગાઉની જેમ જ લાગુ પડશે.

3. મોઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે. અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

૪. આ હુકમો હેઠળ ચૂકવવા પાત્ર થતો મોંઘવારી ભથ્થાનો વધારાનો હપ્તો તારીખઃ ૦૧/૦૭/૨૦૧૨ થી રોકડમાં ચૂકવવામાં આવશે.

(પાછળ...

૫. પેન્શનરોને આ તફાવતની રકમ રોકડમાં ચૂકવવાની રહેશે.

૬. એન.પી.પી.એ મેળવનાર કર્મચારી/અધિકારીઓને મોંઘવારી ભથ્થાના હાલના ૭% વધારાના લાભની ગણત્રી પગાર સુધારણા નિયમો-૨૦૦૯ મુજબ તથા નાણાં વિભાગ (પ.એ.) ના તા.૨૫/૬/૨૦૧૦ ના ઠરાવ ક્ર.નં.પીજીઆર-૧૦૦૯/૮/પે સેલ અને નાણાં વિભાગ (પ.એ.) ના તા.૧/૯/૨૦૧૦ ના ઠરાવ ક્ર.પીજીઆર-૧૦૧૦/૫૧/પે સેલ તથા તા. ૨૨-૧૧-૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક –પીજીઆર – ૧૦૨૦૧૧-૬૭-પે સેલ અને ૧૨-૦૪-૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક-પીજીઆર-૧૦૧૧-૭૦-પે સેલ મુજબ કરવાની રહેશે.

૭. આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી વર્ગ, સહાયક અનુદાન લેતી બિન-સરકારી શાળાઓના તમામ કર્મચારીઓને લાગુ પડશે.

૮. રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર મોંઘવારી ભથ્થામાં થતો આ વધારો જેમને મળવાપાત્ર થાય છે. તેઓને આ ઠરાવની જોગવાઇ મુજબ મળવાપાત્ર થશે.

૯. ઉક્ત હુકમનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ વ્યકિતઓને તેમજ કામ પૂરતા મહેકમના કર્મચારીઓને આપવામાં આવશે. તે જ પ્રમાણે પંચાયતો, સ્થાનિક સંસ્થાઓ અને નગરપાલિકાઓએ તેમના કર્મચારીઓને મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન-સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકોને તેમજ તેજ પ્રમાણે સહાયક અનુદાન લેતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતુ ખર્ચ આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ એ શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે, આ રીતે મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતા વધારે ન થવો જોઇએ.

૧૦. આ હુકમો અખિલ ભારતીય સેવાના અધિકારીઓ (AIS) ને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી.

( એચ.ડી. સેઇલર )
નાયબસચિવ
નાણા વિભાગ,

પ્રતિ

જા.નં.આકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ–૨/ ૭૦૮૨–૭૧૩૫ /૧૨ હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રીની કચેરી
તા. ૦૬ /૧૦/૨૦૧૨ આણંદ કૃષિ યુનિવર્સિટી,
**આણંદ–૩૮૮ ૧૧૦.**

**નકલ સવિનય રવાના પ્રતિ :**

૧. આ યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ તરફ.
૨. આ યુનિવર્સિટીના સર્વે યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.
૩. વહિવટી–વ–હિસાબી અધિકારીશ્રી,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ.
૪. નિયામકશ્રી, ઈન્ફરમેશન ટેકનોલોજી સેન્ટર, આ.કૃ.યુ., આણંદ તરફ સદર પરિપત્ર એ.એ.યુ ની વેબસાઈટ ઉપર મુકવા સારૂ

નકલ રવાનાઃ

૧. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,આકૃયુ,આણંદ.
૨. હિસાબી અધિકારીશ્રી(કેશ),આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ.

૨/– આ યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે સરકારશ્રીના આ સાથે સામેલ તા.૦૧.૧૦.૨૦૧૨ ના ઠરાવ નં.વલભ–૧૦૨૦૧૨–જીઓઆઈ–૦૪–ચ,ની શરત નં.૨,૬ને આધીન રહી તા.૧.૭.૨૦૧૨ થી તા.૩૦.૯.૨૦૧૨ સુધીના મોંઘવારી ભથ્થાના એરીયર્સના બીલો અલગ અલગ એટલે કે પ્લાન/નોન પ્લાન/અધર એજન્સી/આઈસીએઆરના તૈયાર કરીને વહિવટી–વ–હિસાબી અધિકારીશ્રી,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદને ઓકટોબર–**૨૦૧૨ પેઈડ ઈન નવેમ્બર–૨૦૧૨ ના નિયમીત માસીક પગાર બીલમાં સુધારેલ મોંઘવારી ભથ્થાના દરે ચુકવણું થઈ ગયા બાદ જ** મોકલી આપવા. ઓકટોબર–૨૦૧૨ ના પગારમાં સુધારેલ મોંઘવારી ભથથાના દર ૭૨ % મુજબ આકારી બીલો વહિવટી–વ–હિસાબી અધિકારીશ્રી,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદને રજુ કરવાના રહેશે.

સહી/–

સામેલઃઠરાવ. **હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક**